| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૨૬/૦૨/૨૦૨૬ | | |
| દાખલ તારીખ : | ૨૬/૦૨/૨૦૨૬ | | |
| ફૈંસલ તારીખ : | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

મોડાસાના મહે. નામદાર એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. એસ. આર.
શર્મા સાહેબશ્રીની કોર્ટમાં,
મું. મોડાસા.જીલ્લો : અરવલ્લી.

**ક્રિ.પ.અ.નં:– ૧૩૦/૨૦૨૬**

**આંક–**

અરજદાર : ૧. ચૌહાણ રોહિતસિંહ અમરસિંહ, ઉંમર–૩૮ વર્ષ,
ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી,
રહે. જુના વડવાસા તા.મોડાસા જી.અરવલ્લી
મો.નં.૯૯૧૩૭૨૫૦૨૪
૨. ચૌહાણ કપિલસિંહ રોહિતસિંહ,સગીર (અભ્યાસ)

વિરૂધ્ધ

સામાવાળા : (૧) આચાર્યશ્રી જુના વડવાસા પ્રા.શાળા
તા.મોડાસા જી.અરવલ્લી
(૨) આચાર્યશ્રી એમ.એન.શાહ (રણાસણવાળા)
હાઈસ્કુલ રમોસ તા.ધનસુરા જી.અરવલ્લી

(૨) જિલ્લા શિક્ષણાાધિકારી સાહેબની કચેરી
તા.મોડાસા જી.અરવલ્લી

અરજ : ગુજરાત સેકન્ડરી એજયુકેશન એકટ–૧૯૭૨ ના કલોઝ–૬ તથા ગુજરાત સેકન્ડરી એજયુકેશન રૂલ્સ –૧૯૭૪ ના રૂલ–૧૨ (એ) મુજબ જન્મના પ્રમાણપત્ર મુજબ અરજદારના પુત્રના સ્કુલ લિવિંગ સર્ટી ફિકેટમાં સુધારો કરવા બાબત.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી ડી.આર.વણકર
સામાવાળા તરફે જાતે

---

**:: ઠ રા વ ::**

(૧) અરજદારની અરજીની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના અરજદાર ના પુત્ર કપિલસિંહ રોહિતસિંહ નાઓને તા. ૧૦/૦૯/૨૦૦૯ ના રોજ જન્મ થયેલો.જેની રણાસણ ગ્રામ પ્રચાયતમાં જન્મની નોંધણી થયેલી.જેનો નોંધણી ક્રમાંક ૪૯૭ છે. જેની નોંધણી તા.૧૯/૧૨/૨૦૦૯ ના રોજ પંચાયતના ચોપડે નોંધાયેલ છે. અરજદારના પુત્ર કપિલસિંહને જુના–વડવાસા પ્રાથમિક શાળામાં ધોરણ–૧માં ભણવા માટે મુકેલ જે વખતે જન્મ તા.૧૦/૦૯/૨૦૦૮ શાળાની શરત ચુકથી લખાયેલ છે. જેથી અરજદારનો પુત્ર પ્રાથમિક શાળામાંથી હાલ આગળ અભ્યાસ માટે શ્રી એમ.એન.શાહ (રણાસણ વાળા) રમોસમાં હાલ ધોરણ–૧૨માં અભ્યાસ કરે છે. પરંતુ તેમના પુત્રની હાલ પણ રજીસ્ટ્રર રેકર્ડે જન્મ તા.૧૦/૦૯/૨૦૦૮ ચાલે છે. ખરેખર રીતે તેમના પુત્રની જન્મ પ્રમાણપત્રમાં જન્મ તા.૧૦/૦૯/૨૦૦૯ ચાલે છે. જેથી તેમના પુત્રને ભવિષ્યનો વિચાર કરી આગળ સરકારી કામોમાં લાભ લેવામાં ઘણી બધી

તકલીફો ઉભી થાય તેમ છે. માટે જન્મના પ્રમાણપત્રમાં જે તા.૧૦/૦૯/૨૦૦૯ છે. તે જ તારીખ ધોરણ-૧૨ ના લિવિંગ પ્રમાણપત્રમાં જન્મના પ્રમાણપત્ર મુજબની જન્મ તારીખ આવે તેવો સુધારો કરી મતલબનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે સામાવાળા તરફે દિનેશભાઈ પશાભાઈ રાવ,પ્રિન્સીપાલ, શ્રી જુના વડવાસા પ્રાથમિક શાળા,મોડાસા ને આંક-૦૬ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ મોડાસા તાલુકા ની શ્રી જુના વડવાસા પ્રાથમીક શાળા ,મોડાસા ખાતે પ્રિન્સીપાલ તરીકે છેલ્લા ૨૦ વર્ષ થી સદર શાળામાં નોકરી કરૂ છુ. તેમની કામગીરીમાં બાળકોને દાખલ કરવા, વહીવટી કામગીરી તથા સર્ટીફીકેટ આપવાની વિગેરે કામગીરી છે. આ કામના અરજદાર : રોહીતસિંહ અમરસિંગ ચૌહાણ ના પુત્ર કપિલસિંહ રોહીતસિંગ તેમની શાળામાં તા.૧ ૨/૦૬/૨૦૧૪ થી તા.૨૫/૦૬/૨૦૧૬ સુધી અભ્યાસ કરેલ છે. તેમની શાળાનું જનરલ રજીસ્ટર આજ રોજ તેમની સાથે લાવેલ છુ. પ્રાથમીક શાળા ધોરણ-૧ તથા ૦૨ નુ જે રજીસ્ટરમાં અનુક્રમ નં.૯૨૫ થી તેની નોંધ થી કરવામા આવેલ છે. જેમા અરજદાર જે જનરલ રજીસ્ટરની અનુક્રમ નં.૯૨૫ વાળા પાનની ખરી નકલ આજરોજ રજુ કરૂ છુ.જેને રજુ દાખલ **આંક -૭** આપવામા આવે છે.તેમની શાળાનું જનરલ રજીસ્ટર આજ રોજ તેમની સાથે લાવેલ છુ. તેમને નીશાની ૩/૪ વાળો સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ બતાવવા આવે છે. જેમાં અરજદારની જન્મ તારીખ તા.૧૦/૦૯/૨૦૦૮ લખેલ છે.પરંતુ તેમના જન્મ પ્રમાણપત્રમાં જન્મ તારીખ:૧૦/૦૯ /૨૦૦૯ ની લખેલ છે. તેના જન્મ પ્રમાણપત્રના પુરાવા ના આધારે શાળા છોડયાના પ્રમાણપત્રમાં જન્મ તારીખ:૧૦/૦૯/૨૦૦૮ ની જગ્યાએ તા.૧૦/૯/૨૦૦૯ કરવા બાબતે સુધારો કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી.

(૩) આ કામે સામાવાળા તરફે સતીષભાઈ ભીખાભાઈ દેસાઈ,પ્રિન્સીપાલ, શ્રી એમ.એન.શાહ હાઈસ્કુલ,રમોસ ને આંક–૦૯ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,તેઓ ધનસુરા તાલુકા ની શ્રી એમ.એન.શાહ હાઈસ્કુલ રમોસ ખાતે પ્રિન્સીપાલ તરીકે છેલ્લા ૩ વર્ષથી સદર શાળામાં નોકરી કરે છે.તેમની કામગીરીમાં બાળકોને દાખલ કરવા વહીવટી કામગીરી તથા સર્ટીફીકેટ આપવાની વિગેરે કામગીરી છે. આ કામના અરજદાર : રોહીતસિંહ અમરસિંહ ચૌહાણ ના પુત્ર કપિલસિંહ રોહીતસિંહ તેમની શાળામા તા.૧૫/૦૬/૨૦૨૪ થી આજદીન સુધી ધોરણ–૧૨ માં અભ્યાસ કરે છે. તેમની શાળાનું જનરલ રજીસ્ટર આજ રોજ તેમની સાથે લાવેલ છુ. તેમની શાળાનો ધોરણ–૧૧ તથા ૧૨ નુ જે રજીસ્ટરમા અનુક્રમ નં.૫૪૫ થી તેની નોંધ થી કરવામા આવેલ છે જેમા અરજદાર જે જનરલ રજીસ્ટરની અનુક્રમ નં.૫૪૫ વાળા પાનની ખરી નકલ આજરોજ રજુ કરૂ છુ.જેને રજુ દાખલ **આંક –૧૦** આપવામા આવે છે. તેમની શાળાનું જનરલ રજીસ્ટર આજ રોજ તેમની સાથે લાવેલ છુ. જેમાં અરજદારના પુત્રની જન્મ તારીખ તા.૧ ૦/૦૯/૨૦૦૮ લખેલ છે.પરંતુ તેમના જન્મ પ્રમાણપત્રમાં જન્મ તારીખ:૧ ૦/૦૯/૨૦૦૯ ની લખેલ છે. તેના જન્મ પ્રમાણપત્ર ના પુરાવા ના આધારે શાળા છોડયાના પ્રમાણપત્રમા જન્મ તારીખ:૧૦/૦૯/૨૦૦૮ ની જગ્યાએ તા.૧ ૦/૯/૨૦૦૯ કરવા બાબતે સુધારો કરવામા આવે તો અમને કોઈ વાંધો નથી.

(૪) આ કામે સામાવાળા તરફે જયેન્દ્રકુમાર દિનેશચંન્દ્ર ભટ્ટને આંક–૧૧ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,તેઓ મોડાસાની ડી.ઈ.ઓ જિલ્લા શિક્ષણ ઓફીસ,નીરીક્ષણ શાખા,તા.મોડાસા ખાતે આસીસ્ટન્ટ એજયુકેશન ઈન્સ્પેકટર તરીકે છેલ્લા ૪ વર્ષથી સદર શાખામાં નોકરી કરે છે. તેમની કામગીરીમાં નીરીક્ષણ શાખા અંગેની કામગીરી છે.આ કામના

અરજદાર:રોહિતસિંહ અમરસિંહ ચૌહાણના પુત્ર કપિલસિંહ રોહિતસિંહ અમરસિંહ ચૌહાણના પુત્ર કપિલસિંહ રોહિતસિંહની જન્મ તારીખ૧૦/૦૯/૨૦૦૮ લખેલ છે. જયારે નિ.૩/૧થી રજુ જન્મ પ્રમાણપત્રમાં જન્મ તારીખ ૧૦/૦૯/૨૦૦૯ લખેલ છે.ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ના નિયમ ૧૨(ક)(૬) અનુસાર વિદ્યાર્થી શાળા છોડી ગયા પછી શાળાના જનરલ રજીસ્ટરમાં નામ,જન્મતારીખ કે અન્ય કોઈ વિગતમાં સુધારો કરી શકે નહી તેવું જણાવવામાં આવેલ છે. જે નિયમની ખરી નકલ આજરોજ નામ કોર્ટમાં રજુ કરે છે. જેને રજુ દાખલ આંક:૧૨ આપવામાં આવે છે. તેના જન્મના પ્રમાણપત્રના પુરાવાના આધારે શાળા છોડયાના પ્રમાણપત્રમાં બાબતે સુધારો કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી. જયારે નિ.૩/૪ થી અરજદારની એલ.સી.માં જન્મ તારીખ ૧૦/૦૯/૨૦૦૮ લખેલ છે. જે બદલે તેના એલ.સી.ના પ્રમાણપત્રમાં જન્મ તારીખ ૧૦/૦૯/૨૦૦૯ કરવા બાબતે સુધારો કરવામાં અવો તો તેમને કોઈ વાંધો નથી.

(૫) આ કામે અરજદારના સગીરપુત્રના જન્મપ્રમાણપત્રની નકલ નિ.૩/૧ થી રજુ કરેલ છે,અરજદારના સગીર પુત્રના આધારકાર્ડની નકલનિ.૩/૧ થી રજુ કરેલ છે.અરજદારના આધારકાર્ડની નકલ નિ.૩/૩ થી રજુ કરેલ છે. અરજદારનો સગીર પુત્ર હાલ શ્રી એમ.એન.શાહ (રણાસણવાળા)હાઈસ્કુલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે. તે બાબતનો દાખલો રજુ થયેલ છે. તે જોતાં પણ અરજદારના પુત્રના એલ.સી.માં જન્મ તારીખ ૧૦/૦૯/૨૦૦૮ લખેલ છે. જે બદલે તેના એલ.સી.ના પ્રમાણપત્રમાં જન્મ તારીખ સુધારો કરી ૧૦/૦૯/૨૦૦૯ હોવાનુ સ્પષ્ટ થાય છે.

(૬) આમ, આ કામે રજુ પુરાવો જોતાં અરજદારના પુત્રના શાળાના રજીસ્ટર રેકર્ડે જન્મ તારીખ ૧૦/૦૯/૨૦૦૮ ચાલે છે.જે ખોટી છે. અરજદારના પુત્રના જન્મ પ્રમાણપત્ર માં જે તારીખ ૧૦/૦૯/૨૦૦૯ લખેલ છે. જે સાચી અને ખરી છે.તે જ

તારીખ ધોરણ–૧૨ ના લિવિંગ પ્રમાણપત્રમાં જન્મના પ્રમાણપત્ર મુજબની તારીખ ૧૦/૦૯/૨૦૦૯ મુજબ જન્મ તારીખ આવે તેવો સુધારો કરવા હુકમ કરવા આચાર્યશ્રી એમ.એન.શાહ (રણાસણવાળા)ને હુકમ કરવામાં અવો છે.આમ, સામાવાળાના જવાબ, રેકર્ડ પુરાવા થકી પણ આ અરજીને સમર્થન મળે છે. ત્યારે કાનૂની રીતે જોતા અરજીની હકીકતોનો ઈન્કાર કરી શકાય તેમ ન હોય, આમ અરજદારના પુત્રના ધોરણ–૧૨ ના લિવિંગ પ્રમાણપત્રમાં જન્મના પ્રમાણપત્ર મુજબની તારીખ ૧૦/૦૯/૨૦૦૯ કરાવવી તે ફરજીયાત અને જરૂરી પણ છે. આ તમામ હકીકત અને સંજોગોને ધ્યાને લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

અરજદાર : ચૌહાણ રોહિતસિંહ અમરસિંહ,રહે. જુના વડવાસા તા.મોડાસા જી.અરવલ્લી નાઓના પુત્ર નામે ચૌહાણ કપિલસિંહ રોહિતસિંહના ધોરણ–૧૨ ના લિવિંગ પ્રમાણપત્રમાં જન્મના પ્રમાણપત્ર મુજબની તારીખ ૧૦/૦૯/૨૦૦૯ મુજબ જન્મ તારીખ છે. જે સાચી અને ખરી છે. અરજદારનો સગીર પુત્ર હાલ શ્રી એમ.એન.શાહ (રણાસણવાળા)હાઈસ્કુલમાં ધોરણ–૧૨માં અભ્યાસ કરે છે. આમ,જન્મના પ્રમાણપત્રમાં જે તારીખ ૧૦/૦૯/૨૦૦૯ છે. તે જ તારીખ ધોરણ ૧૨ ના લિવિંગ પ્રમાણપત્રમાં જન્મના પ્રમાણપત્ર મુજબની જન્મ તારીખ આવે તેવો સુધારો કરી કરવા માટેની અરજ કરેલ હોઈ જન્મ–મરણ રજીસ્ટરે થતી નિયમ મુજબની ફી તથા લેઈટ ફી વસુલ લઈને કરવી અને તે મતલબનું ધોરણ ૧૨ ના લિવિંગ પ્રમાણપત્રમાં જન્મના પ્રમાણપત્ર મુજબની જન્મ તારીખ આવે તેવો સુધારો કરી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમની યાદી સામાવાળાને કરવી.

હુકમ આજ તા.૨૦મી, માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૨૦/૦૬/૨૬
મુ.મોડાસા

(સુરભી શર્મા)
અધિક જ્યુડી.મેજી.ફ.ક.
મોડાસા.
કોડનં.જી.જે.૦૧૫૭૧

એ.એન.પી..